રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફેસર
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
+91 99390 80808

ભારતીય શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી યથાવત...!!!

તા. ૧૧-૬- ૨૦૨૫ ના રોજ સવારે ૧૦ કલાકે....

વૈશ્વિક બજારોનું સેન્ટીમેન્ટ સુધારા તરફી રહ્યા સામે આજે સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે ભારતીય શેરબજારની શરૂઆત ઉછાળા સાથે થઈ હતી. ટેરિફ મામલે એક તરફ અમેરિકા ઝુંકવા લાગ્યું હોય એમ ચાઈના સાથે રેર અર્થ મામલે ડિલ વાટાઘાટ ફરી લંડનમાં શરૂ થવાના અહેવાલ અને બીજી તરફ અમેરિકા હવે ભારત સાથે પણ કૂણું વલણ અપનાવી ટ્રેડ ડિલ ફાઈનલ કરવાની તૈયારીમાં હોવાના સંકેત સાથે ગત સપ્તાહમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં અપેક્ષાથી વધુ ૦.૫%નો અને સીઆરઆરમાં ૧% ઘટાડો કરવાનો નિર્ણય લેતાં અને સામાન્ય કરતાં ચોમાસું સારૂ રહેવાના અંદાજોએ ફુગાવો પણ અંકુશમાં રહેવાની શકયતાએ આર્થિક વિકાસને વેગ આપવા પર રહેવાની ધારણાએ આજે શેરબજાર રમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૨૧%ના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૫૫% અને નેસ્ડેક ૦.૬૩% વધીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૧૫% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૧% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૬૫૮ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૭૩૯ અને વધનારની સંખ્યા ૧૭૮૨ રહી હતી, ૧૩૭ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૩૯ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭૩ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

કોમોડિટી...

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ઓગસ્ટ ગોલ્ડ રૂ.૯૭૨૪૯ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૭૨૮૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૯૭૧૮૭ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૨૯૮ પોઈન્ટના ઘટાડા સાથે રૂ.૯૭૨૦૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુલાઈ સિલ્વર રૂ.૧,૦૬,૯૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૧,૦૬,૯૦૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૧,૦૬,૭૪૪ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૬૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧,૦૬,૮૧૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

સેક્ટર મુવમેન્ટ...

ભારતીય શેરબજારમાં આજે બીએસઈ પર માત્ર એફએમસીજી, કેપિટલ ગુડ્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે કારોબાર કરી રહ્યા હતા.

મહિન્દ્રા અને મહિન્દ્રા, ઝોમાટો લિ., રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ, એનટીપીસી, ભારતી એરટેલ અને ટાટા સ્ટીલ જેવા શેરો મજબૂત પ્રદર્શન સાથે ૧.૫% થી ૦.૫%ના ઉછાળા સાથે કારોબાર કરી રહ્યા હતા, જ્યારે કોટક બેન્ક, પાવર ગ્રીડ, ઈન્ડસઈન્ડ બેન્ક, એચડીએફસી બેન્ક, ટાઈટન લિ., ટેક મહિન્દ્રા, સ્ટેટ બેન્ક અને એશિયન પેઈન્ટ્સ જેવા શેરો ૧% થી ૦.૫% સુધીના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા.

સ્ટોક સ્પેસિફિક રેન્જ મુવમેન્ટ....

સિપ્લા લિ. (૧૫૧૮) : ફાર્મા સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૯૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૮૦ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૩૪ થી રૂ.૧૫૪૦ નો આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૫૪૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૪૪૭) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૦૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૩૯૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૪૬૪ થી રૂ.૧૪૭૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

ભારત ફોર્જ (૧૩૩૬) : રૂ.૧૩૦૩ નો પ્રથમ તેમજ રૂ.૧૨૮૦ બીજા સપોર્ટથી ઓટો કમ્પોનન્ટ્સ અને ઈક્વિપ્મેંટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૫૩ થી રૂ.૧૩૬૦ આસપાસ તેજી તરફી રુખ નોંધાવે તેવી શક્યતા છે...!!

ટાટા કેમિકલ (૯૫૭) : કોમોડીટી કેમિકલ સેક્ટરનો આ સ્ટોક ટ્રેડીંગલક્ષી રૂ.૯૭૪ થી રૂ.૯૮૦ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૯૧૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

બજારની ભાવિ દિશા.... મિત્રો, મે મહિનામાં અંદાજીત ૨૨ લાખ નવા ડીમેટ ખાતા ખોલવામાં આવ્યા હતા. આનાથી ખાતાઓની કુલ સંખ્યા ૧૯.૬૬ કરોડ થઈ ગઈ છે. શેરબજારમાં તેજીને કારણે ડીમેટ ખાતાઓની સંખ્યા વધી રહી છે. ડિસેમ્બર ૨૦૨૪ પછી નવા ખાતા ખોલવામાં આ પ્રથમ માસિક વધારો છે. જાન્યુઆરી અને એપ્રિલ વચ્ચે નવા ડીમેટ ખાતાઓમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. એક અંદાજ મુજબ જુલાઈ માસના મધ્ય સુધીમાં ખાતાઓની કુલ સંખ્યા ૨૦ કરોડને પાર કરશે. શેરના ભાવમાં વધારા વચ્ચે નવા રોકાણકારોને આકર્ષ્યા છે. ભારતીય ઈક્વિટી બજારમાં મે મહિનામાં ઉછાળો નોંધાયો હતો.

નિફટી અને સેન્સેક્સ અંદાજીત ૨ - ૨% મજબૂત થયા જ્યારે નિફટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૬.૧% અને નિફટી સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૮.૭% વધ્યા છે. કોશ સેગમેન્ટમાં વેપાર પણ આઠ મહિનાની ટોચે પહોંચ્યો હતો. જે રોકાણકારોના રસમાં વધારો દર્શાવે છે. બીએસઈ અને એનએસઈ પરનું સરેરાશ દૈનિક ટર્નઓવર માસિક ધોરણે ૧૧% વધીને રૂ. ૧.૧૯ લાખ કરોડ થયું છે, જે સપ્ટેમ્બર ૨૦૨૪ પછી સૌથી વધુ છે. જો કે ટેરિફ વોરના કારણે વૈશ્વિક બજારોમાં સેન્ટીમેન્ટ ડહોળાયું છે. ત્યારે હજુ અનિશ્ચિતતાનો દોર કાયમ રહેવાની શકયતાએ આગામી દિવસોમાં ભારતીય શેરબજારમાં દરેક ઉછાળે સાવચેતી જરૂરી બની રહેશે.

ખાસ નોંધ : ડિસ્ક્લેમર / પોલીસી / શરતો વેબસાઈટ: www.nithilbhatt.in ને આધીન...!!!

ખાસ નોંધ: ડિસ્કલેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

યજ્ઞ, નેત્ર નિદાન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા

જામનગર સ્થિત ગાયત્રી શક્તિપીઠમાં ગાયત્રી જયંતીની ઉમંગભેર ઉજવણી

જામનગરના ગાયત્રી શક્તિપીઠમાં તાજેતરમાં ગાયત્રી જયંતીની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજીત યજ્ઞમાં ૧૦૦ ભાઈઓ-બહેનો જોડાયા હતા. લાયન્સ કલબ વેસ્ટ દ્વારા યોજાયેલા બી.પી. અને ડાયાબિટીસ કેમ્પનો ૯૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. સુપર મેગા નેત્રયજ્ઞમાં ૧૦૦ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. એક્યુપ્રેશર વિભાગ દ્વારા પણ જુદા-જુદા રોગોનું નિદાન અને ઉપચાર કરવામાં આવ્યો હતો. મંત્ર જપના કાર્યક્રમમાં ૨૦૦ થી ૨૫૦ ભાઈઓ બહેનો જોડાયા હતા. મહાદીપ યજ્ઞ પણ યોજાયો હતો. આ પ્રસંગે શક્તિપીઠ તરફથી સર્વે ભાઈઓ-બહેનો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

દ્વારકામાં અરબી સમુદ્રમાં બિરાજતા

ભડકેશ્વર મહાદેવના સાંનિધ્યમાં આધ્યાત્મિકતા સંગ આહલાદકતાનો લુત્ફ ઉઠાવતા સહેલાણીઓ

(તસ્વીર: રવિ બારાઈ)

દ્વારકા તા. ૧૧: હાલમાં જેઠ માસના તિવ્ર તાપમાં ચોમાસા પહેલાના દિવસોમાં સખ્ત બફારાનો માહોલ છે ત્યારે યાત્રાધામ દ્વારકામાં અરબી સમુદ્રમાં બિરાજતા પૌરાણિક ભડકેશ્વર મહાદેવ મંદિર દ્વારકાવાસીઓ માટે પૌરાણિક શિવાલય તથા બહારગામથી આવતા ભાવિકો માટે પ્રમુખ પ્રવાસન કેન્દ્ર હોય, ગરમીના માહોલમાં દર્શનાર્થીઓ તથા સહેલાણીઓ અહીં આધ્યાત્મિકતા સાથે હાલમાં આખરની સીઝનમાં વિશાળકાય મોજાઓની વાછટ સાથે કુદરતી સૌંદર્યમાં આહલાદકતા માણતા જોવા મળી રહ્યા છે.

ખંભાળીયા રામનાથ રોડ પર પાણી ભરાવાના પ્રશ્નનું કાયમી નિરાકરણ

(તસ્વીરઃ મુકેશ મોકરીયાં)

ખંભાળીયા તા. ૧૦: ખંભાળીયામાં રામનાથ રોડ પર એસ.એન.ડી.ટી. પાસે સોસાયટી નજીકના મેઈન રોડ પર વરસાદમાં ત્રણ-ચાર ફૂટ પાણી ભરાઈ જતુ હોય તથા ચાલુ વરસાદે ત્યાંથી નીકળવા જતા ટુ-વ્હીલ ચાલકો પડતા હોય તથા વરસાદ રહી ગયા પછી પણ લાંબો સમય ત્યાંથી ચાલીને ના નીકળાય તેવું હોય, તાજેતરમાં માત્ર ૩ ઈંચ વરસાદમાં એક મહિલાને અકસ્માત થયો હતો તથા એકટિવા સાથે પડી ગયા હતા તથા મો માં પાણી ચાલ્યુ ગયુ હતુ. આ બનાવના પગલે સ્થાનિક અગ્રણી રીછાભાઈ ગોરાણીયા દ્વારા પાલિકા સત્તાધીશો, સદસ્યોને રજુઆતો તથા અખબારી અહેવાલોના પગલે તંત્ર દ્વારા આ રસ્તા પર આવેલી ફૂટપાથમાં એક ફૂટ મોટો હોલ કરીને ત્રણ જગ્યાએથી પાણીનો નીકાલ રસ્તા પરથી થાય તે માટે કામગીરી કરી હતી.

અગાઉ માત્ર એક જગ્યાએ મોટો હોલ તથા બે-ત્રણ નાના પાઈપો જ હોય, અહીં સમગ્ર સોસાયટીઓ તથા નદીઓ, વોકળાનું પાણી આવતા અહીં મોટા પ્રમાણમાં પાણી ભરાતું હોય, દર ચોમાસે આ પ્રશ્ન થતો હોય હાલના પાણીના નિકાલ ઉપરાંત ફૂટથી વધુ જગ્યાના નવા ત્રણ પાણી નિકાલના રસ્તા થતા આ રસ્તા પરનો પાણી ભરાવાનો પ્રશ્ન હલ થશે.

બાગાયત નિયામક કચેરીમાં તા. ૧૬ સુધીમાં અરજીની તાકીદ:

માઈક્રો ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગોને માર્ગદર્શન આપવા ડિસ્ટ્રીકટ રિસોર્સ પર્સનની નિમણૂક થશે

જામનગર તા. ૧૧: ખાદ્ય સંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા નવા પ્રોસેસિંગ યુનિટની સ્થાપના તેમજ વિસ્તરણ કરવા માટે ખર્ચના ૩૫ ટકા સહાય અપાય છે. જિલ્લામાં આ યોજના અન્વયે દરેક તાલુકામાં વ્યક્તિગત માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોના અરજદારને માર્ગદર્શન તેમજ સંલગ્ન કામગીરી માટે ડિસ્ટ્રિક્ટ રિસોર્સ પર્સનની નિમણૂક કરવામાં આવનાર છે. જે માટે ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા, નિવૃત સરકારી બેંક અધિકારીઓ, વીમા એજન્ટો, બેંક મિત્રો સહિતના અરજદારો અરજી કરી શકશે. અરજી નાયબ બાગાયત નિયામક કચેરી, જિલ્લા સેવા સદન ૪, રૂમ નં. ૪૮, વિક્ટોરિયા પુલ પાસે, રાજ પાર્ક, જામનગરમાં તા.૧૬ જૂન સુધીમાં મોકલી આપવા નાયબ બાગાયત નિયામકની યાદી જણાવાયું છે.

આજરોજ

શ્રી ગિરધારી મંદિરમાં નાવ-ફૂલમંડલી ઝાંખી

જામનગર તા. ૧૧: જામનગરની મોટી હવેલી અંતર્ગત શ્રી ગિરધારી પ્રભુના મંદિર (મોટી શાક માર્કેટ પાસે)માં જેઠ સુદ પૂનમ (૧૫) બુધવાર તા. ૧૧-૬-૨૦૨૫ના નાવ તથા ફૂલમંડલીની ઝાંખી રાખવામાં આવી છે. જેમાં દર્શનનો સમય સાંજે ૬ થી ૮-૩૦ રહેશે. તેમ મુખ્યાજી પાર્થભાઈ, હાર્દિકભાઈ અને કુલદિપભાઈએ વૈષ્ણવોને લાભ લેવા અનુરોધ કર્યો છે.

મેમન સમાજના છાત્રોના લાભાર્થે સ્કોલરશીપ

જામનગર તા. ૧૧: નયાણી ચેરીટેબલ ટ્રસ્ટ તથા નેસ્ટ સોશ્યલ વેલફેર ફાઉન્ડેશન-મુંબઈ તરફથી ધો. ૮ થી ૧૨ અને બી.એડ, બી.સી.એ., બી.બી.એ. જેવા વ્યવસાયિક કોર્સ કરતા મેમન સમાજના વિદ્યાર્થીઓ અભ્યાસમા આગળ વધે તે માટે સ્કોલરશીપ આપવામાં આવે છે. આથી આ અંગેના ફોર્મ મેળવવા તથા વધુ વિગત માટે રવિવાર સિવાય દરરોજ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૮ વાગ્યા દરમ્યાન રંગુનવાલા હોસ્પિટલ, કાલાવડ નાકા પાસે, જામનગર ફોન. ૦૨૮૮-૨૫૫૮૭૪૭ નો સંપર્ક કરવો.

કંપની સમાચાર

ઓસ્વાલ પમ્પ્સ લિ.ની પ્રારંભિક જાહેર ઓફર ૧૩ જૂનના ખૂલશે

અમદાવાદ: ઓસ્વાલ પમ્પ્સ લિમિટેડ, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન આવક વૃદ્ધિની દૃષ્ટિએ ભારતમાં સૌથી ઝડપથી વિકસતી વર્ટિકલી ઇન્ટિગ્રેટેડ સોલાર પંપ ઉત્પાદક છે. નાણાકીય વર્ષ ૨૦૨૨ અને નાણાકીય વર્ષ ૨૦૨૪ વચ્ચે કંપનીની આવક ૪૫.૦૭%ના સીએજીઆરથી વધી રહી છે. કંપની તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. ૧/-ની મૂળ કિંમતના પ્રત્યેક ઇક્વિટી શેર માટે શેર દીઠ રૂ.૫૮૪/- થી રૂ.૬૧૪/- ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે.

કંપનીની પ્રારંભિક જાહેર ઓફર શુક્રવાર, ૧૩ જૂન, ૨૦૨૫ના સબસ્ક્રીપ્શન માટે ખૂલશે અને મંગળવાર, ૧૭ જૂન, ૨૦૨૫ના બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૨૪ ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૪ ઇક્વિટી શેરના ગુણાંકમાં બિડ ભરી શકે છે. આ આઈપીઓ રૂ.૮૯૦ કરોડ સુધીના નવા ઇશ્યૂ અને વિવેક ગુપ્તા દ્વારા ૮૧,૦૦,૦૦૦ ઇક્વિટી શેરના ઓફર ફોર સેલનું મિશ્રણ છે.

કંપની તેના નવા ઇશ્યૂમાંથી મળનારી રકમમાંથી ચોક્કસ મૂડી ખર્ચને ભંડોળ પૂરું પાડવા માટે રૂ. ૮૯.૮૬ કરોડ સુધી; હરિયાણાના કરનાલ ખાતે નવા ઉત્પાદન એકમોની સ્થાપના માટે ભંડોળ પૂરું પાડવા માટે રૂ. ૨૭૨.૭૬ કરોડ, તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, ઓસ્વાલ સોલરમાં ઇક્વિટીના રૂપમાં રોકાણ માટે; કંપની દ્વારા મેળવેલા ચોક્કસ બાકી ઉધારની આંશિક અથવા સંપૂર્ણ, પૂર્વ-ચુકવણી/પુનઃચુકવણી માટે રૂ. ૨૮૦ કરોડ; રૂ. ૩૧ કરોડ તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, ઓસ્વાલ સોલારમાં રોકાણ માટે, ઓસ્વાલ સોલાર દ્વારા મેળવેલા ચોક્કસ બાકી ઉધારની ચુકવણી/પૂર્વચૂકવણી માટે, આંશિક અથવા સંપૂર્ણ રીતે, ઇક્વિટીના રૂપમાં અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ પાર પાડવા માટે ઉપયોગમાં લેશે.

ચેક પરતના કેસમાં નગરના આસામીની મુક્તિ

જામનગર તા. ૧૧: જામનગરના એક આસામીનું વાહન ફાયનાન્સ કંપનીએ જપ્ત કરી હરાજી કરી નાખી હતી. તે પછી આ આસામી સામે ચેક પરતનો કેસ કરાયો હતો. તે કેસમાં અદાલતે આરોપીનો છૂટકારો કર્યો છે.

જામનગરની શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ નામની પેઢી પાસેથી જયપાલદાન લહેરીદાન નામના આસામીએ ફોર કંપનીની તુફાન ખરીદવા માટે લોન મેળવી હતી. તે લોનના હપ્તાના ચેક ન ભરાતા ફાયનાન્સ પેઢીએ રૂ.અઢી લાખના ચેક પરતની અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલવા પર આવતા ફાયનાન્સ પેઢીનું લેણું સમય મર્યાદા બહારનું હોવાની અને પેઢીએ આ વાહન સીઝ કરી હરાજીથી વેચી પણ નાખ્યાની દલીલ કરવામાં આવી હતી. તે દલીલ ગ્રાહ્ય રાખી અદાલતે આરોપીનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ કિપાલસિંહ આર. જાડેજા રોકાયા હતા.

અર્ક ક્યારે શું છોડી દેવું એની આવડત, એટલે સમજણ.

શબ્દવ્યૂહ ૭૧૮૮



આડી ચાવી

૧. માથાકૂટ, પંચાત------(૪
૩. શરીરમાં રહેલું ચેતનતત્ત્વ----------(૨
૪. પ્રહાર, શારીરિક ઈજા--(૧
૭. પાણીનું ઘન સ્વરૂપ----(૨
૮. ધારાસભાનો સભ્ય----(૪
૧૦. ચોકીદાર, પહેરેગીર---(૨
૧૧. રચ્યુંપચ્યું, તલ્લીન ----(૨
૧૨. 'હું' નું ત્રીજી વિભક્તિનું એકવચન----------(૧
૧૪. પાતળી સુંદર સ્ત્રી -----(૨
૧૫. એક નિશાચર પક્ષી ---(૩
૧૮. નાશ પામેલું, પાયમાલ --(૨
૨૧. માફકસર, પ્રમાણસર --(૨
૨૨. માથું મૂંડાવવું તે ------(૩

ઊભી ચાવી

૧. અસ્વાભાવિક કે આકસ્મિક મરણ -----(૩
૨. મ્હાવે મુંડન કરાવ્યું હોય તે--(૨
૩. પ્રગટવું તે, જન્મવું કે અસ્તિત્વમાં આવવું તે --(૩
૫. દીકરીની દીકરી -----(૩
૬. લેખિત કબાલો કે કબુલાત ----------(૩
૯. લગાતાર, એકધારુ ---(૩
૧૩. માર્ગ જ્યાં વળતો હોય તે ભાગ ----------(૨
૧૪. 'તમે' નું છઠ્ઠી વિભક્તિનું રૂપ ----------(૩
૧૬. ઘરવાળી, પત્ની------(૨
૧૭. સંદર્ભમાં રહેલું-------(૩
૧૮. નામ વિનાનું --------(૩
૧૯. એક પંજાબી વાનગી---(૨
૨૦. તાકાત, બાળ, શક્તિ --(૨

આડી ચાવી (૧) વકુંડ (૩) અકાદમી (૬) નકલ (૭) નામ (૯) રૂખસત (૧૧) પ્રકાશ (૧૨) નક (૧૪) શબરી (૧૫) વકરો (૧૭) વિકળ (૧૯) રાબડી (૨૦) કપટ (૨૧) મન (૨૨) મત (૨૩) દક્ષ (૨૪) ભમર (૨૫) પ્રમોશન (૨૮) નીપજ (૩૦) દાનવીર (૩૧) રમણન (૩૨) રાણ

ઊભી ચાવી (૧) વરદાન (૨) તુંબડુ (૩) અસત (૪) કલા (૫) મીનાકારી (૬) નાશ (૮) મણ (૧૦) ખટારો (૧૧) પ્રબળ (૧૩) કલ્યાણ (૧૪) શકટ (૧૬) કડી (૧૭) વિપક્ષ (૧૮) જન્મ (૧૯) રામપુરી (૨૦) કદરદાન (૨૧) મહેશ (૨૪) ભજન (૨૫) પ્રવિણ (૨૬) મોર (૨૭) નારેશ (૨૯) પટ

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૮૮૯૯ ૬૦૮૮

મેષ (અ-લ-ઈ) — આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી રહ્યાં કરે. જમીન-મકાન-વાહનના કામમાં આપે ધીરજ રાખવી.
શુભ રંગ: જાંબલી | શુભ અંક: ૯-૪

વૃષભ (બ-વ-ઉ) — આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી લાભ થાય.
શુભ રંગ: પીળો | શુભ અંક: ૨-૫

મિથુન (ક-છ-ઘ) — આપના કાર્યની સાથે સાસરીપક્ષ-મોસાળપક્ષના કામકાજમાં આપને વ્યસ્ત રહેવાનું બને. આકસ્મિક ખર્ચ થાય.
શુભ રંગ: લાલ | શુભ અંક: ૧-૩

કર્ક (ડ-હ) — આપના કામમાં અન્યનો સહકાર મળી રહે. રાજકીય-સરકારી કામ અંગેની મિલન-મુલાકાત થઈ શકે.
શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૪-૬

સિંહ (મ-ટ) — દિવસના પ્રારંભથી જ આપને તબિયતની અસ્વસ્થતા જેવું લાગ્યા કરે. તબિયતનું ધ્યાન રાખીને કામકાજ કરવું.
શુભ રંગ: કેસરી | શુભ અંક: ૮-૫

કન્યા (પ-ઠ-ણ) — અગત્યના કામકાજ અંગેની મિલન-મુલાકાતમાં સાનુકૂળતા મળી રહે. સંયુક્ત ધંધામાં ભાઈ-ભાંડુનો સાથ રહે.
શુભ રંગ: દૂધિયા | શુભ અંક: ૬-૯

તુલા (ર-ત) — દિવસના પ્રારંભથી જ આપને કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. જમીન-મકાન-વાહનના કામકાજ થઈ શકે.
શુભ રંગ: મોરપીંછ | શુભ અંક: ૧-૪

વૃશ્ચિક (ન-ય) — આપના કામમાં ધીરે-ધીરે સાનુકૂળતા થતી જાય. કામનો ઉકેલ આવતા રાહત રહે. સીઝનલ ધંધામાં આવક જણાય.
શુભ રંગ: ગ્રે | શુભ અંક: ૬-૯

ધન (ભ-ધ-ફ-ઢ) — આપે વાદ-વિવાદ, ગેરસમજ, મનદુઃખથી સંભાળવું પડે. કોર્ટ-કચેરીના કામમાં મુશ્કેલી અનુભવાય.
શુભ રંગ: સફેદ | શુભ અંક: ૮-૪

મકર (ખ-જ) — આપના અગત્યના કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા જણાય. મુલાકાત થાય.
શુભ રંગ: મરૂન | શુભ અંક: ૨-૭

કુંભ (ગ-શ-સ-ષ) — નાણાકીય રોકાણ-વ્યવહારના કામમાં સાનુકૂળતા મળી રહે. સામાજિક-વ્યવહારિક કામમાં સરળતા મળી રહે.
શુભ રંગ: પીળો | શુભ અંક: ૫-૩

મીન (દ-ચ-ઝ-થ) — આપના કામમાં ઉપરી, સહકાર્યકર, નોકર-ચાકરવર્ગનો સાથ-સહકાર મળી રહે. પરદેશના કામ થવા પામે.
શુભ રંગ: લીલો | શુભ અંક: ૨-૪

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૬-૦૪ સૂર્યાસ્ત : ૭-૩૦

દિવસના ચોઘડીયા
(૧) શુભ (૨) રોગ (૩) ઉદ્વેગ (૪) ચલ (૫) લાભ (૬) અમૃત (૭) કાલ (૮) શુભ

રાત્રિના ચોઘડીયા
(૧) અમૃત (૨) ચલ (૩) રોગ (૪) કાલ (૫) લાભ (૬) ઉદ્વેગ (૭) શુભ (૮) અમૃત

વિક્રમ સંવત: ૨૦૮૧, જેઠ વદ-૧ : તા. ૧૨-૦૬-૨૦૨૫, ગુરૂવાર
પૌષ સંવત: ૧૫૫૧, શકસંવત: ૧૯૪૭, ગુરૂવાર : ૫૧૨૭, પારસી રોજ : ૨, મુસ્લિમ રોજ: ૧૫, નક્ષત્ર: મૂળ, યોગ: શુભ, કરણ: તૈતિલ

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૨ - જુન ના દિવસે

આ સમયમાં વ્યવસાયિક બાબતે આપને જે રૂકાવટ-મુશ્કેલીઓ જણાય હોય તે ધીમે-ધીમે દૂર થતી જણાય. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે. ધંધામાં નવી કોઈ વાતચીત આવે કે ઓર્ડર મળી રહે. ઘર-પરિવારના સભ્યો, મિત્રો સાથે યાત્રા-પ્રવાસનો આનંદ માણી શકો. આપના આકસ્મિક ખર્ચાઓમાં ઘટાડો થતા નાણાકીય સ્થિતિમાં સુધારો થતો જાય.

બાળકની રાશિ: ધન